સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૯૩૨૧૨૨૫૧

ભ્રષ્ટોમાં સમાવેશ થતાં બબાલ થાય છે!
વળી સાબિતી આપવાના સવાલ થાય છે!
'સરળ'ને 'સાવ ટૂંકી' થાત 'સ્વચ્છ'ની યાદી-
'આપ'ના બધા નિર્ણયોથી ધમાલ થાય છે!
(-ને બાકીના બધા ભ્રષ્ટ!)

'ત્રિ-શૂળ' વિધિ -
- અને લાલ-કૃષ્ણ ને,
ઉપડી પીડા!
(અડવાણી ગેરહાજર)

હવે 'કોંગી'નું -
'પલ્ટા' કરાવ્યા વિના
નામ બદલો..
('ભાજપ' રાખી દો -
(જથ્થાબંધ પક્ષ પલટા)

ચિંતન

ઉત્પાનં નિધિશંકયા ક્ષિતિ તલં ધ્માતા ગિરેર્ધાતવો નિસ્તીર્ણ: સરિતાં પતિર્નૃપતયો યત્નેન સંતોષિતા: ।
મંત્રારાધનતત્પરેણ મનસા નીતા: શ્મશાને નિશા: પ્રાપ્ત: કાણવરાટ કો અપિ ન મયા તૃષ્ણેઅધુના મુંચ મામ ॥

'દ્રવ્ય-સમૃદ્ધિના ભંડાર ભર્યા હશે એવી શંકાથી મેં પૃથ્વીનું તળિયાં સુધી ખનન કર્યું. ધરતી ખોદી નાખી-પર્વતો પરથી પ્રાપ્ત ખનીજો ઊંચકી લાવી એમાંથી દ્રવ્ય-સોનાં-ખનીજો-રત્નો પ્રાપ્ત કરવા ભઠ્ઠીઓમાં નાખી નાખી ભઠ્ઠીઓ ઠામી નાખી. સાત સાત સમુદ્રો પાર કરી દેશ-વિદેશની યાત્રા-પ્રવાસો કર્યા. રાજાઓ-અધિકારીઓ-શેઠ-માલિકને પ્રસન્ન કરવા તૂટી પડ્યો. લક્ષ્મીજીને પ્રાપ્ત કરવા પાઠ-પૂજા-સ્મશાનમાં બેસી મેલી વીદ્યાની સાધનાઓ કરી અને કેટલીય રાતોનાં જાગરણ કર્યા. આમ છતાં મને એકેય કાણી કોડીયે મળી નહીં, માટે હવે તો હે તૃષ્ણા! તું મારો પીછો છોડ!!'

સુભાષિત રત્ન ભાંડાગારનાં 'તૃષ્ણા'ની નિંદા નામના બીજા પ્રકરણનો આ શ્લોક 'તૃષ્ણા'ને કારણે માનવી ને કેવા કેવા ખેલ કરવા પડે છે છતાં કાણી કોડી ય મળતી નથી એવી સમજ આપે છે.

કોઇના કેવાથી સરકાર જેવી સરકારે 'સોના' માટે ધરતી ખોદી, દરીયામાંથી તેલ-ગેલ મળશેની આશાએ ગુજરાત ઠેઠ દક્ષિણના દરિયા સુધી લાંબુ થયું. કોલસા માટે પર્વતો ખીણો ખોદી એમાંથી 'બદનામી' જ નીકળી, આશારામ જેમ સ્મશાનમાં જઇ મેલી વિદ્યાની સાધના કરી, જેલ મળી. સાત સમુદ્ર પાર કરી માણસ 'કમાવા' જાય પણ નસીબમાં હોય એટલું જ મળે!

તૃષ્ણા-સંગ્રહવૃત્તિ-લોભ-ઇચ્છા હવે તો છોડો!

સુવિચાર

- યજ્ઞ, અનુષ્ઠાન, અધ્યયન અને મૌન દેખાદેખીથી ના કરો.. એનાથી પુણ્ય નહીં મળે ઉપરથી પાપમાં પડશો - *વિદુર*
- સત્ય, સૌંદર્ય, વિનય, શીલ, બળ, ધન, સામર્થ્ય અને કોઠાસૂઝના ગુણોથી સુખી જીવનનો માર્ગ મોકળો બને છે - *ઓસ. ભટ્ટાચાર્ય*
- સાચો પરાક્રમી માણસ એમ નહીં વિચારે કે 'હવે કાં હું નહિં- કા તું નહિં' એ તો એમ વિચારશે કે 'તું નહીં, બસ તું નહીં' પ્રત્યેક સિદ્ધિને આવા પરાક્રમી પુરૂષની તલાશ હોય છે - *ડૉ. વિક્રમ સારાભાઇ*
- આજનું કામ આજે જ પતાવવા સ્વાવલંબી બનો. બીજા પર રાખેલો ભરોસો તમારી આજ અને આવતીકાલ બેવ બગાડી શકે - *પંચતંત્ર*
- સંકલ્પ અને વિકલ્પ વચ્ચે અટવાવાને બદલે સંકલ્પ કરો કે આજને હું મારી સંપૂર્ણ પ્રીતિ અને ભક્તિ દ્વારા ભરપૂર માણવાની કોશીશ કરીશ - *ડૉ. ચંદ્રકાન્ત મહેતા.*
- 'કુળ મર્યાદા' એક એવી માન્યતા આર્યવર્તમાં મનાતી હતી જે દૂરાચાર ને માર્ગે જતા મનને રોકનારી લક્ષ્મણ રેખા સમાન હતી. - *પન્નાલાલ પટેલ*
- તેત્રીસ કરોડ દેવતા પર શ્રદ્ધા રાખો પણ સાથે સાથે જાત ઉપર પણ શ્રદ્ધા રાખો. સફળતા નક્કી મળશે જ - *વિવેકાનંદ*

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

જયારે સિમેન્ટ અને ટાઇલ્સનું ચલણ ન હતું ત્યારે ઘરમાં પાવિત્રયતાનું સ્થાન હતું. ગૌ-છાણથી ઘરમાં લીંપણ થતું જે આખા ઘરને 'એન્ટીસેફ્ટીક' વાતાવરણ સાથે શરદી-ઠંડીથી રક્ષણ આપતું આજે માત્ર 'યજ્ઞ ભૂમિ'માં જ તેનું મહત્વ રહ્યુ છે એવી જ રીતે 'ગૌમૂત્ર' નો ઉપયોગ પણ હવે સમજુ લોકો કરવા લાગ્યા છે. ગૌ-છાણ અને ગૌ-મૂત્ર પવિત્ર અને શક્તિપ્રદ છે.

રાજાઓમાં આસુરીવૃત્તિ અને અધર્મ વધી ગયો. 'લક્ષ્મીજી' આવા રાજાઓનો ત્યાગ કરી ગૌશાળામાં ગયા. ગાયોને વિનંતી કરી રાજા-પ્રધાનો-અધિકારીઓમાં પાપવૃત્તિ વધી ગઇ છે મને તમારા દેહમાં સ્થાન આપો.

ગાયોએ કહ્યું - જુઓ તમારો સ્વભાવ ચંચળ છે, ક્યારે છોડીને ચાલ્યાં જાવ એ નક્કી નહીં. બીજું તમે જયાં જાવ તેવી બુદ્ધિ બગાડી નાખો છો. અમને તો લોકો આમેય 'ગરીબ-ગાય' તરીકે જ ઓળખે છે. એટલે એમને તમારી મોહ-માયાની જાળમાં ફસાવો નહીં અમારામાં તમને સ્થાન નહીં મળે. અમારા શરીરમાં હજારો દેવ-દેવીઓનો વાસ છે તમારા આવવાથી બધામાં કષ્ટ-કલહ શરૂ થયો.

ગાયો એ લક્ષ્મીજીને સ્પષ્ટ ના પાડી દીધી.

લક્ષ્મીજીએ કરગરી ખૂબ વિનંતી કરી. પછી ગાયોએ કહ્યું, રહેવું જ હોય તો અમારાં મળ-મૂત્રમાં રહો! લક્ષ્મીજીએ એ સ્થાન સ્વીકાર્યું. લક્ષ્મીજીનો ગૌ મૂત્ર-છાણ નિવાસ છે એટલે જ એ પવિત્ર પણ ગણાય છે. આ વાત મહાભારતની છે.

Email - sureshchandrabhatt18@gmail.com

જેમ સૂર્ય તમામ ચંદ્ર, તારા કે નક્ષત્રના તેજને ક્ષીણ કરી સ્વતંત્ર થકી વિચરે છે તેમ શાસ્ત્રીજી મહારાજ પણ પૃથ્વી પરના જીવપ્રાણીમાત્રના પ્રભાવ-પ્રતિભાને ક્ષીણ કરી સૂર્ય સમાન તેજસ્વી વ્યક્તિત્વથી વિચરી રહ્યા હતા

ગુજરાતી સાહિત્યના સાક્ષર, સંસ્કૃતના પ્રખર વિદ્વાન અન વરતાલ ટેમ્પલ કમિટીના મેમ્બર નડિયાદનાં દોલતરામ કૃપાશંકર પંડ્યા બોલ્યા કે,'સ્વામી! આ તો જે કાર્ય કરવા શ્રીજી મહારાજને પુન: અવતાર ધરીને આવવું પડે તે કામ આપે કર્યું છે. આપની મહત્તા અપાર છે. આજે તો આપે મહારાજ અને સ્વામીની (અક્ષર સહિત પુરૂષોત્તમ) ધાતુની મૂર્તિની પધરામણી છે, પણ ભવિષ્યમાં તમારા શિષ્યો તમારી સુવર્ણની મૂર્તિ પધરાવે એવી તમારી મોટપ વધશે.'

શાસ્ત્રીજી મહારાજના સ્વરૂપનું મહિમાગાન કરતા આ શબ્દોમાં શ્રીજી મહારાજની મરજી જાણી તેનું યથાર્થ પાલન કરનાર બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની દિવ્ય પ્રતિભાનો પરિચય થઇ જાય છે. બ્રહ્માંડોમાં પોતાનું ધાર્યું કરાવી શકે તેવા અનુપમ ઐશ્વર્ય પ્રતિભાના ધણી હોવા છતાં જીવનભર ભગવાન સ્વામિનારાયમે કરેલી આજ્ઞામાં વર્તી તેમણે સમગ્ર વિશ્વને એક આજ્ઞાપાલક સાધકનો અનેરો આદર્શ આપ્યો છે. સિદ્ધાંતના પ્રસ્થાપનના આદમ્ય સાહસમાં પણ ક્યાંય તેમણે આજ્ઞાપાલનમાં સૂક્ષ્મદોષ થવા દીધો નથી.

શ્રીહરિ પ્રબોધિત અક્ષરપુરૂષોત્તમની શુદ્ધ ઉપાસનાના પ્રવર્તનનું યુગકાર્ય એ શાસ્ત્રીજી મહારાજની વિરલ સિદ્ધિ જ નહીં, પરંતુ ભગવાન સ્વામિનારાયણ પ્રત્યની શ્રેષ્ઠ દાસત્વ ભક્તિનો પુરાવો છે. પોતાના ઇષ્ટદેવ આજ્ઞા કરે ત્યારે તે આજ્ઞા સંશય કર્યા વિના તત્કાળપાળે તે સેવકનું લક્ષણ છે, પરંતુ આજ્ઞા કરવાની જરૂર જ ન પડે તે રીતે પોતાના ઇષ્ટદેવની અનુવૃત્તિ સમજી તેમનાં અધૂરા કાર્યો પૂરાં કરવા તે આજ્ઞાપાલનની સર્વોચ્ચ સ્થિતિ છે.

આજે વસંત પંચમી
શ્રી શાસ્ત્રીજી મહારાજનો જન્મ દિવસ
પ્રસંગસર
- મહેશ સુરતવાલા



ભગવાન સ્વામિનારાયણનો આ પૃથ્વી પર અવતરણનો હેતુ અનંત જીવોના આંત્યિક કલ્યાણનો છે. આ હેતુની પૂર્તિ શાસ્ત્રીજી મહારાજે કરી. શ્રીજી મહારાજે વચનામૃત, ગ્ર.પ.૭૧માં કહ્યું છે : ભગવાન જીવના કલ્યાણ માટે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાના જે સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે પણ એ બીજાને દેખ્યામાં આવે નહીં.' અક્ષરે સહિત પુરૂષોત્તમની ઉપાસનામાં જોડાય ત્યારે જ જીવને બ્રહ્મરૂપ થવાનો માર્ગ પ્રશસ્ત થાય છે. જ્ઞાનરૂપી દૃષ્ટિથી શાસ્ત્રીજી મહારાજે આ અક્ષર સહિત પુરૂષોત્તમનું ઉપાસ્ય સ્વરૂપ વિશ્વ સામે પ્રકાશિત કરી દીધું.

વચનામૃત લો.૧૮ માં જણાવ્યા મુજબ 'ભગવાનનો નિશ્ચય થવો એ સૌથી કઠણ છે. તે નિશ્ચયની વાર્તા અટપટી છે માટે કહેતા બીક લાગે છે... અને આ વાત સમજે નહીં ત્યા'લગન તેના નિશ્ચયમાં પણ કાચ્ચપ ઘણી રહે છે.' આમ, શ્રીહરિનો હૃદયગત અભિપ્રાય શુદ્ધ ઉપાસના પ્રવર્તનનો હતો.

અક્ષરધામાવતાર શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ શ્રીજી મહારાજના સર્વોપરિપણાનો નિશ્ચય જે જે પોતાના સમાગમમાં આવ્યા તેમને કરાવ્યો, પરંતુ વચનામૃત - લો.૭ પ્રમાણે "બ્રહ્મરૂપ થયા સિવાય પુરૂષોત્તમની ભક્તિના અધિકાર થઇ શકાતું નથી." આ રીતે અક્ષર સ્વરૂપને ઓળખવું પણ એટલું જ અનિવાર્ય હતું. બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રાગજી ભક્તે હિમાલય જેવી અડગ ધીરજ અને શાંતિથી સ્વામી મૂળ અક્ષર છે તેવી નિષ્ઠા હજારોને કરાવી દીધી. શ્રીજી મહારાજે વચનામૃતમાં સ્પષ્ટ આજ્ઞા કરી છે કે, "ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર બિરાજમાન છે, એમ સમજવું અને બીજા આગળ પણ એવી વાર્તા કરવી." આ સમાતન આજ્ઞાને શાસ્ત્રીજી મહારાજે અદ્ધર ઝીલી અને આ આજ્ઞાને પોતાનો જીવનમંત્ર ગણી દેહની પરવા કર્યા વિના અનેક કષ્ટો વેઠી, વિપરીત પરિસ્થિતિઓમાં વાવંટોળ સામે ઝઝૂમી, અનુપમ હિંમત દાખવી તેમણે આ આજ્ઞાને સાર્થક કરવા માથું મૂક્યું અને તેમણે અક્ષર સહિત પુરૂષોત્તમનું સ્વરૂપ ઓળખાવી, શુદ્ધ ઉપાસનાનું પ્રવર્તન કરાવી, આત્યંતિક મુક્તિનાં દ્વારા ખોલી દીધાં. અનંત યુગોથી ભટકતા જીવો માટે આત્યંતિક કલ્યાણની વાટ વહેતી કરી, એટલું જ નહીં આ હેતુની સિદ્ધિ અર્થે ઉપાસનાનું ગગનચુંબી મંદિરોનું સર્જન કરી શાસ્ત્રીજી મહારાજે જાણે પોતાના અવતરણનો હેતુ પૂર્ણ કર્યો. શ્રીહરિની અનુવૃત્તિ પાળી શાસ્ત્રીજી મહારાજે આ ધરા પર પરમ ઉપકાર કર્યો.

શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાપાલનની અનુપમ પ્રતિભા તેમનું ઉદ્દાત્ત શિષ્યત્વ છે. આદર્શ શિષ્ય તરીકે તેમણે ગુરૂની પ્રત્યેક આજ્ઞા ઝીલી ગુરૂનો અઢળક રાજીપો જીતી લીધો પછી ભલે તે વિદ્યાગુરૂ રંગાચાર્ય હોય કે અધ્યાત્મ ગુરૂ ભગતજી મહારાજ!

સં.૧૯૩૯માં સુરતમાં ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા નિમિત્તે પધારેલ ભગતજી મહારાજને હાથીની ઝૂલ સીવતા અને સાથે કથા કરતા શાસ્ત્રીજી મહારાજે જોયા. આ લોકના મનુષ્યથી આમ કરવુ'શક્ય ન હતું. તેથી આ દૃશ્યથી શાસ્ત્રીજી મહારાજને આશ્ચર્ય થયું ત્યારે અંતર્યામીપણે ભગતજી મહારાજને કહ્યું : 'સાધુરામ! જીવપ્રાણીમાત્રને બે લોચન હોય છે, વિદ્યાવાનને પાંચ , ધર્મવાનને સાત અને જ્ઞાનીને અનંત લોચન હોય.' અને તરત જ બીજો પ્રશ્ન પુછયો, 'સાધુરામ! સ્વામિનારાયણની પાકી નિષ્ઠા કરી છે? શાસ્ત્રીજી મહારાજ કહે : શ્રીજી મહારાજ સર્વોપરી છે, એમ હુ'જાણું છું.' ભગતજીએ કહ્યું : 'આ તમારી અડધી નિષ્ઠા છે. ગુણાતીતાનંદ સ્વામી અક્ષર - બ્રહ્મ છે, એમ જાણશો તો પુરી નિષ્ઠા થશે અને તો જ કલ્યાણ થશે.' વિચક્ષણ બુદ્ધિવાળા શાસ્ત્રીજી મહારાજ ચમક્યા અને કહે કે આવી નવી વાત ક્યાંથી લાવ્યા અને પછી વિજ્ઞાનાનંદ સ્વામીના મુખે આ વાતની ચકાસણી કરી.

આ ઘટના ગુરૂ-શિષ્યના ઇતિહાસમાં અભોડ બની. આ દિવસથી શાસ્ત્રીજી મહારાજે ભગતજીને આધ્યાત્મિક ગુરૂ તરીકે સ્વીકાર્યા, પરંતુ આ વાત કેવી હતી? તે જાણો...

ભગતજી દરજી અને શાસ્ત્રીજી મહારાજ ચરોતરના પટેલ.

ભગતજી (લૌકિક રીતે) ઓછું ભણેલા અને શાસ્ત્રીજી મહારાજ અતિ વિદ્વાન.

ભગતજી ગૃહસ્ત અને શાસ્ત્રીજી મહારાજ ત્યાંગી.

આમ છતાં એકાંતિક સત્પુરૂષનાં બધાં લક્ષણો ભગતજી મહારાજમાં જોઇ શાસ્ત્રીજી મહારાજ તેમનાંમાં અદ્‌ભૂત રીતે જોડાયા. એટલું જ નહીં. સમગ્ર વિશ્વ જેની નોંધ લે તેવી અભોડ ગુરૂ-શિષ્યની જોડી બન્યા. ભગતજી મહારાજની આજ્ઞાને ઝોળિયા પારેવાની જેમ અદ્ધર ઝીલી. આ આજ્ઞાપાલનમાં તેમણે નથી જોયો પોતાનો દેહ નથી, જોયું પોતાનું માન, નથી જોઇ પોતાની પ્રતિષ્ઠા. અરે! ભગવા કે ધોળા કપડાંનો પણ વિચાર કર્યો નથી. ગુરૂને રાજી કરવા એક જ તાન લઇને શાસ્ત્રીજી મહારાજ જીવનભર મંડ્યા રહ્યા કે ગુરૂને રાજી કરવા જ છે.'

શાસ્ત્રીજી મહારાજને ભગતજી મહારાજમાં અપૂર્વ જોડાણ હતું. ભગતજીનાં દર્શન કરવાં સં.૧૯૪૧માં વડતાલથી સારંગપુર સુધી ભાલનો ચીકણો કાદવ અને કેડ સમા પાણીનો ખૂંદી પહોંચેલા. જાણે કાદવનો દરિયો. ગાયના પગલાની જેમ ઓળંગી ગયા અને એ જ શાસ્ત્રીજી મહારાજના હૃદયમાં રહેલી ગુરૂ પ્રત્યેની અપાર ભક્તિને કારણે તેઓ ગુરૂના દર્શન વિના અકળાઇ જતા, છતાં ગુરૂની આજ્ઞા લોપી નહીં.

ભગતજીએ શાસ્ત્રીજી મહારાજને આજ્ઞા કરી હતી કે તમારા રાઇ-રાઇ જેટલા કટકા કરી નાખે તો પણ વડતાલ છોડશો નહીં. શાસ્ત્રીજી મહારાજને વડતાલમાં જીવનું જોખમ હતું, મારી નાંખવા તૈયાર જ હતા તોપણ વડતાલ છોડવા તૈયાર થયા નહીં. શાસ્ત્રીજી મહારાજે ઇ.સ. ૧૮૮૩માં દીક્ષા લીધી ને પાંચ વર્ષ પછી ઇ.સ. ૧૮૮૮ માં માગશર પૂનમે સુકૃત જીવનદાસ અને ઘનશ્યામદાસે કોળી મંડપમાં શાસ્ત્રીજી મહારાજને લાતો મારી. બીજે દિવસે પુરૂષોત્તમદાસે ચોચા ઘોંચ્યા. અરે! સ્નાન કરે ત્યારે બીજે માળેથી ખુલ્લા બરડા ઉપર ચૂલાની રાખ ને અંગારા નાખે. આવા અનેક કષ્ઠો અને ચાતનાઓ વચ્ચે તેઓ વરતાલમાં રહ્યા, કેવળ ભગતજી મહારાજની આજ્ઞા વચને, કેવું તાન હશે તેમને આજ્ઞાપાલનનું કે દેહની કોઇ પરવા જ ન કરી!

(અનુસંધાન પાના નં. ૬ પર)

એંસી વર્ષેય રસીલાબેન અને ગુણવંતભાઇ જોશી દંપતિ ભર્યું ભર્યું જીવે છે

પડશું અનેકવાર કિસ્મત બની જશે,
સાચી દિશાનો પંથ છે ઠોકરની આસપાસ.

આજે લેપટોપ, ઇન્ટરનેટ, વેબસાઇડ, હોટશોપ, મોબાઇલ, બાઇક અને કાર યુવાનો ચેનકેન મેળવી લે છે પણ પુરૂષાર્થથી પાંગળા, મનનો આનંદ ન લઇ શકનારા, માત્ર દોડતાં રહેતા સવારે મોડા ઉઠતા અને રાત્રે મોડા સૂતા અનેક તણાવથી પીડાતા યુવાનોએ સાત દાયકા વટાવી ચૂકેલા પહાડો જેવી મુશ્કેલી વચ્ચે ખળખળ ઝરણા જેમ વહેતા ગુણવંતભાઇ અને રસીલાબહેન આજના વિદ્યાર્થીઓ, શીક્ષકો, માતાપિતા અને આચાર્યો માટે અમૂલ્ય પાઠશાળઆ બન્યા છે અને બની રહેશે. વંદના છે આ દંપનીને.

પ્રાથમિક શિક્ષક અને હિન્દીના અધ્યાપક તરીકે ફરજ બજાવી ચૂકેલા ગુણવંતભાઇ સમાજવિદ્યા વિષયમાં સંશોધનક્ષેત્રે તેમજ હિન્દી પરીક્ષા ઓમાં ચંદ્રકો અને પારિતોષિક મળે તે ઉચિત છે, સહજ છે.

અમરેલી જીલ્લાના બાબાપુર અધ્યાપન મંદિરમાંથી નિવૃત્ત થનાર ગુણવંતભાઇની જીવનકથા પોતાના માટે સંઘર્ષમય લાગી નથી પણ સૌ માટે સંદેશરૂપ છે. વરિષ્ઠ સાહિત્યકાર ઇશ્વર પરમારે ૧૯૯૪માં 'ઘરશાળા' સામયિકમાં એમનો પરિચય લખતી વેળાએ પુછ્યું હતું કે, 'અપંગ શિક્ષક સ્વમાનભેર રહી શકે તે માટે આપ શું સૂચવો?'

ઇશ્વર પરમારના પ્રશ્નના પ્રત્યુત્તરમાં ગુણવંતભાઇએ સમજણપૂર્વકનો અસરકારક ઉત્તર આપતા કહ્યું હતું :

"સરકાર બધું આપ્યા જ કરે, આપ્યા જ કરે તેવી મનોવૃત્તિમાંથી નીકળી આપણે વર્ગમાં, શાળામાં શું કરી શકીએ તે વિચારી-આચરી બતાવવું એ અપંગને ખુદને પણ લાભદાયી બની રહેશે."

"આ મુદ્દે હજી કંઇ વધુ..."

"પ્રતિકુળતાઓનાં પંક વચ્ચે જન્મી, રહીને પણ પંકજ પોતાની સ્વચ્છતા અને સૌંદર્ય ફેલાવી રહે છે તેમ શિક્ષક તરીકે કામ કરતી અપંગ વ્યક્તિ પણ શારીરિક પ્રતિકૂળતાઓ છતાં ઊગી નીકળવાની પાત્રતા કેળવી શકે ને ટકાવી શકે તેવું હું માનું છું."

ગુણવંતભાઇની આ માન્યતાનું ઉદાહરણ એમને પૂછવાની જરૂર ખરી? પોતાના પગ અંગેની પ્રતિકૂળતા છતાં નિષ્ઠા અને ઉમંગ નામની બે ઘોડીના સહારે સહારે તેઓ પોતાના આગવી સુવાસ ધરાવી શક્યા છે અને તે પ્રસરાવી રહ્યા છે. અનેક શુભેચ્છાઓ સાથે, એમની 'ચાલતા' રહેવની ચાહને સલામ!

ગુણવંતભાઇનાં ધર્મપત્ની રસીલાબેન. જંયતીભાઇ ભટ્ટના દીકરી. તા. ૦૭-૦૪-૧૯૩૯ના રોજ જન્મ્યા. પિતા રેલ્વેમાં સ્ટેશન માસ્તર અને માતા મુક્તાબહેન ગૃહિણી હતા. કોબડી, ગાપજ, ગઢેચી, વરતેજ અને ગઢડામાં પ્રાથમીક શિક્ષણ મેળવનાર રસીલાબેને ભાવનગર માજીરાવ ગર્લ્સ હાઇસ્કૂલમાં શિક્ષણ મેળવ્યું. પછી એકસ્ટર્નલ આર્ટસ શરૂ કર્યું ત્યાં તો ચિત્તલમાં પ્રાથમિક શિક્ષક તરીકે જોડાવાની તક મળી. ૧૯૫૭ થી ૧૯૬૪ લીલીઆ મોટા, જેસર અને આંબરડી ખાતે શિક્ષણપદે રહી એક્સ.બી.એ. પુરૂં ર્યું. ૧૯૬૪થી મહિલા અધ્યાપન મંદીર બાબાપુર સમાજવિદ્યાના અધ્યાપક તરીકે જોડાયા. પછી પાછું એક્સ એમ.એ. કર્યું. પુસ્તકોનાં વાચનનો શોખ ગજબનો જે આજ સુધી જળવાઇ રહ્યો છે.

૧૯૬૪થી ૧૯૯૭ સુધી સંસ્થાના સહકાર્યકરો અને મોટી ઉંમરની તાલીમાર્થી બહેનોને અને નાની કિશોરી-યુવતીઓને વ્યક્તિગત ઘડતરમાં દીલથી સહકાર આપ્યો હતો. તેમના માટે કહી શકાય કે, 'રસીલાબેન મોટી મિરાતના વારસદાર' બની શક્યા છે.

નીરોગી માણસ બધી રીતે સ્વસ્થ રહેછે તે માટે તેઓએ દૂધી માતાની આરતી લખી છે. જય દૂધી માતા મા જય દૂધી માતા

રોગી, ભોગી, નીરોગી ગુણતારા ગાતા

તેઓને બંને પગની તકલીફ ભારે છે. છતાં દૂધીનું શાક અને રોટલી બનાવી લે છે.

જીવન-મૂલ્યોનું જીવની જેમ જતન કરતાં ગુણવંતભાઇએ વતન લીલીયા મુકામે ચાર વર્ષ (૧૯૫૮-૬૨) શાળામાં ઉદ્યોગકાર્ય અને સાંસ્કૃતીક પ્રવૃત્તિઓમાં મિત્રોનાં સહકારથી બેનમૂન કામ કર્યું. જરૂરતમંદ ભાઇ-બહેનો માટે શાળાંત અને હિંદીમાં નિ:શુલ્ક વર્ગો ચલાવ્યા. હાઇસ્કૂલ શરૂ કરવા માટે સક્રિય સહયોગ ચાલુ રાખી; વિશેષ તો જીવનની ધન્ય ઘટના : સાથી-શિક્ષિકા રસીલાબહેન ભટ્ટ સાથે લગ્નગ્રંથીથી જોડાયા (૧૯૬૨) અને શિક્ષણક્ષેત્રે ઔપચારીક અને અનૌપચારીક એકમેકનો સાથ અતૂટ રહ્યા કર્યો. બી.એ., એસ.ટી.સી. થયેલાં રસીલાબહેનને બાબાપુરના મહિલા અધ્યાપનમંદિરમાં જોડાવાનું થતાં ગુણવંતભાઇ પણ બદલી કરાવીને બાબાપુરની તાલીમશાળામાં આવી ગયા. અહીં 'ગ્રામગુરૂ' ભાનુભાઇ ઠાકરે વધુ અન્નત જીવન માટે એમને પ્રેરણા આપી.

શિક્ષણક્ષેત્રે પ્રયોગલક્ષી વલણ ધરાવતા ગુણવંતભાઇએ શિક્ષક-પ્રશિક્ષણ બોર્ડ દ્વારા યોજાયેલ સ્ટિડીંગ સેમિનારમાં એક અભ્યાસપત્ર રજૂ કર્યું (૧૯૮૨). વિષય તો : 'પી.ટી.સી.ની તાલીમાર્થી બહેનોની શ્રેણી પાંચનાં ઇતિહાસમાં આવતી શબ્દ વ્યંજનાઓની સજ્જ તપાસવી તથા અસ્પષ્ટ કરવી.' આ શબ્દવ્યંજનાઓનો વિવિધ પ્રવિધિઓ દ્વારા સ્પષ્ટ કરવી. - આ અભ્યાસ અન્વયે એમને ચર્ચ, દેરાસર, ગ્રામણિ, રાજ્યતિલક, વાનપ્રસ્થ, વગેરે જેવી પચાસ શબ્દવ્યંજનાનો લીધી. નિદાન કર્યું. ઉપચારાત્મક શિક્ષણ જાતે કર્યું. અપેક્ષિત પ્રતિભાવ અને સફળતા મળી.

મોંઘેરા મોતી
- નટવર આહલપરા



મારો અને ગુણવંતભાઇનો સંપર્ક 'ફૂલછાબ' દૈનિક (રાજકોટ)ના માધ્યમથી થયો. બુધવારની પંચામૃત પૂર્તિમાં વ્યક્તિ વિશેષનો મારા વિભાગ વાંચી એમણએ મારી પીઠ થાબડતા કાગળ લખ્યો. હું ગદ્‌ગદિત થઇ ગયો મને થયું ગુણવંતભાઇ અપંગ છે જ નહીં અપંગ તો હું છું. પછી તો એમણે શિશુ કથાઓનું મારૂં પુસ્તક 'ખિલખિલાટ' પંદર પ્રત પોતાના ખર્ચે મંગાવી અને છેક છત્તીસગઢ સુધી રસીક વાચક મિત્રોને મોકલી. પગનું વોકર લઇને નીકળી પડે. ભાવનગર વિકાસ વર્તુળથી પ્રકાશીત 'ધીંગામસ્તી'ના સંપાદનમાં તન, મન, ધનથી કામ કરે. આજે એંસી વર્ષને આરે છતાં કામ કરે. શરીર સાથ ન આપે તોય ઘરે બેઠા ગુજરાતી સાહિત્યની સેવા કર્યા જ કરે છે. ગુણવંતભાઇ અને રસીલાબેનની આ દંપતી જોડીને જેટલા વંદન કરીએ તેટલા ઓછા છે. ભાવનગર જવાનું થાય ત્યારે આ સાહિત્ય, શિક્ષણની તીર્થની વંદના કરવા અને મળવા જાવું. રાજી રાજી થઇ જશે. સરનામું છે ગુણવંતભાઇ જોશી, એ/૧ નવપદ એપાર્ટમેન્ટ, ગોળીબાર મંદિર પાછળ, ભાવનગર. ફોન નં. (૦૨૭૮) ૨૫૬૮૦૦૮ છે.

ઈશ્વરની મુલાકાત કરવા મંદિરમાં શા માટે જવું જોઈએ?

ભગવાન ફક્ત મંદિરમાં નથી વસતા એ ખરું, પણ મંદિરના માધ્યમથી ભીતરના ભગવાન સુધી પહોંચી શકાય છે

તમે ક્યારેય મંદિરમાં ગયા છો? મંદિરમાં જઈને ઘંટ વગાડ્યો છે? તમે મંદિર કે દેરાસરમાં જઈને ક્યારેય ચંદનનું તિલક કર્યું છે? રોજ નહીં તો ક્યારેક મંત્રોચ્ચાર કર્યો છે?

ના, અહીં અમે તમે કેટલા ધાર્મિક છો એની પરીક્ષા લેવા નથી બેઠા. મોટા ભાગના હિંદુસ્તાનીઓ પૂજા-પાઠ, મંદિર કે અન્ય દેવસ્થાનમાં જવું, ટીલાં-ટપકાં કરવાં જેવી ધર્મ સાથે જોડાયેલી આ ક્રિયાઓ નિયમિત નહીં તોય ક્યારેક તો કરી જ લેતા હોય છે અને તમારામાંના મોટા ભાગનાઓએ પણ આ બધું રોજ નહીં તોય ક્યારેક તો કર્યું જ હશે. હવે સવાલ એ છે કે મંદિરમાં જઈને ઘંટ શા માટે વગાડવો એવો પ્રશ્ન તમને ક્યારેય થયો છે ખરો? દીવો શા માટે કરવો જોઈએ? અગરબત્તી શા માટે પેટાવવાની? તિલક શા માટે કરવાનું?

વેલ, વર્ષો પહેલાં જયારે આવા સવાલો ઉપસ્થિત થતા ત્યારે એના જવાબો શોધવાના પ્રયાસોમાં કંઈક આવા જવાબો સાંપડેલા જે ઘણા ખરા લોકો આજે પણ આપશે જેમ કે, મોટા ભાગે એવો જવાબ મળશે કે મંદિરમાં ઘંટ વગાડવાનો ઈશ્વરને જગાડવા માટે. તો શું ઈશ્વર બહેરો છે? કોઈક કહ્યું હતું કે જેમ આપણે કોઈના ઘરે જઈએ અને બેલ વગાડીએ એમ ઈશ્વરના ઘરની એ બેલ છે. જો એવું જ હોય તો ઈશ્વરને અંતર્યામી કેવી રીતે કહી શકાય? આ હિસાબે તો ઈશ્વરનેય બિચારાને આપણે બેલ વગાડીએ ત્યારે ખબર પડે કે તેને મળવા કોઈક આવ્યું છે.

બીજા શબ્દોમાં કહીએ તો આવા બધા જવાબો વાહિયાત લાગ્યા હતા. કોઈક કહેતું કે આ બધું એટલા માટે કરવાનું કે એ પરંપરાગત છે. આપણા પૂર્વજો કરતા આવ્યા છે. એક વાર કુટુંબના એક નજીકના સભ્યનું મૃત્યુ થયું હતું ત્યારે કુટુંબની જ એક વયોવૃદ્ધ મહિલાને પૂછ્યું હતું કે બધા કહે છે કે આપણને સૂતક લાગે અને તેર દિવસ સૂતક લાગ્યું હોય એ ઘરનું ખાય કે પીએ નહીં તો આવું શું કામ? તે વડીલ પહેલાં તો કશું બોલ્યા નહીં પણ પછી તેમણે નિખાલસતાથી કબૂલ કર્યું કે મારી ૮૨ વર્ષની જિંદગીમાં મને કોઈએ ક્યારેય આવો સવાલ પૂછ્યો નથી. અને સાચું કહું તો આનું કારણ હુંય નથી જાણતી. વર્ષોથી આ પ્રથા ચાલતી આવે છે અને અમે એનું પાલન કરીએ છીએ બસ.

નવી પેઢી ઈન્ટલિજન્ટ છે, વિચારશીલ છે અને એટલે તે આપણી આ બધી પરંપરાઓ વિશે સવાલ પૂછતી રહે છે. આપણે જવાબ આપી નથી શકતા એટલે તે પાશ્ચાત્ય સંસ્કૃતિ તરફ વળે છે, કારણ કે ત્યાં તેમને બધી વાતના તાર્કિક જવાબ મળે છે અથવા પશ્ચિમના વૈજ્ઞાનિકો આપણી ભારતીય રૂઢિઓ કે વિધિઓ